મોડાસામાં મુસ્લિમ સમાજ દ્વારા મૌન રેલી

મોહંમદ પયગંબર સાહેબ વિરૂધ્ધ ઉચ્ચારણ કરનાર કમલેશ તિવારીને ફાંસી આપવાની માંગ સાથે મોડાસાના મુસ્લિમ સમાજ દ્વારા મૌન રેલી યોજાઈ : ૨૫૦૦૦ની મોટી સંખ્યામાં મુસ્લિમોએ સ્વયંભૂ મૌન રેલીમાં ઉમટી પડયા : સમગ્ર દિવસ દરમિયાન મુસ્લિમ વિસ્તારોમાં મુસ્લિમો દ્વારા ધંધ-રોજગાર બંધ રાખી સ્વયંભૂ બંધ પડાયો

મોડાસા, તા. ૧૮

હજરત મોહંમદ પયગંબર(સ.અ.વ.) ના વિરૂધ્ધ માં શેતાની નિવેદન આપનાર હિન્દુ મહાસભાનો બની બેઠેલો પ્રમુખ કમલેશ તિવારીની વિરૂધ્ધ મુસ્લીમ સમાજમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે અને દેશની એકતા અને શાંતીને તોડવા માટે થયેલા આ સાજીસ ભર્યુ નિવેદન કરનારને ફાંસીની સજા આપવા મુસ્લીમ સમાજ ધ્વારા સમગ્ર દેશ અને વિશ્વમાં માંગ થઈ રહી છે દેશના જુદા જુદા શહેરોમાં અને મથકો ઉપર મુસ્લીમ સમાજ ધ્વારા રેલી કાઢી આવેદનપત્રો આપવામાં આવી રહયા છે. અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે આજરોજ મુસ્લીમો ધ્વારા રસુલની શાનમાં ગુસ્તાખી કરનાર કમલેશ તિવારીને ફાંસીની સજાની માંગ સાથે આજે વહેલી સવારથી જ ધંધા રોજગાર બંધ રાખી સ્વયંભુ બંધ પાડવામાં આવ્યો હતો અને બપોર બાદ મૌન રેલી

કાઢવામાંઆવી હતી. સમગ્ર ભારત દેશમાં આ હિન્દુ સભાના બની બેઠેલા કમલેશ તિવારી વિરૂધ્ધ મુસ્લીમ સમાજ માં રોષ ભભુકી ઉઠયો છે અને ભોપાલથી લઈને હૈદરાબાદ સુધી સમગ્ર જગ્યાએ મુસલમો ધ્વારા મોટી સંખ્યામાં દેખાવો કરી આ કમલેશ તિવારીની ફાંસીની સજાથી બીજી કોઈ સજા મંજુર નહીના નારા સાથે પ્રદદર્શનો યોજવામાં આવી રહયા છે ત્યારે આજે અરવલ્લી જીલલાના વડા મથક એવા મોડાસા શહેરના મુસ્લીમ સમાજના લોકો ધ્વારા મુસ્લિમ સમાજના સ્થાપક એવા હુજુરની શાનમાં આ શેતાન ધ્વારા કરવામાં આવેલી ગુસ્તાખીની વિરૂધ્ધમાં મોડાસા ખાતે આવેલી શાહીકોટ વિસ્તારથી લઈને મોડાસા ડુગરવાડા રોડ ઉપર આવેલ હજરત મખદુમ લાહોરી સાહેબની દરગાહ સુધી મૌન રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં એકતા અને ભાઈચારાનો સંદેશો આપનાર પયગંબર સાહેબના વિરૂધ્ધમાં સાજીસના ભાગરૂપે નિવેદનો આપનાર કમલેશ તિવારીની ફાંસીની માંગ સાથે મૌન રેલી યોજવામાં આવી હતી તેમજ આ રેલીમાં મુસ્લીમો ધ્વારા રોષ પ્રગટ કરવામાં આવ્યો હતો અને રસુલની શાનમાં ગુસ્તાખી શહન નહી થાય તેવા સુત્રો અને કમલેશ તિવારીને ફાંસી આપવાની માંગણી કરતા બેનરો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા તેમજ આ રેલીમાં ૨૫૦૦૦ જેટલી મોટી સંખ્યામાં મુસ્લીમો ઉમટી પડયા હતા.

સંક્ષિપ્ત સમાચાર

ગરાડા દુષ્કર્મ કેસનો ફરાર શખ્સ જબ્બે

વિજયનગર તાલુકાના ગરાડા ગામની સગીરા સાથે દુષ્કર્મ કરી નાસતા ફરતા ગામના જ આરોપી ઈસમને ચિઠોડા પોલીસે ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે ચિઠોડા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વિજયનગર તાલુકાના ગરાડા ગામના વિરજી કોદરજી ફેરાએ ગામની જ સગીરા સાથે ગત મહિને દુષ્કર્મ કર્યાની ફરિયાદ ચિઠોડા પોલીસ મથકમાં નોંધાઈ હતી. જે ગુનો કર્યા બાદ ફરાર હતો જેને ચિઠોડા પોલીસે તાજેતરમાં ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ખેડબ્રહ્મામાંથી બાઈક ચોરાયું

ખેડબ્રહ્મામાંથી બુધવારે રાત્રે કોઈ અજાણ્યા ચોર ઈસમો ઘર આગળ પાર્ક કરેલ બાઈક ચોરી નાસી છુટ્યા હતા. ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિર જવાના ઢાળ ઉપર રહેતા સંજયકુમાર છગનલાલ ચૌહાણનું બાઈક નં. જીજે.૦૯.એએમ.૯૬૮૧ બુધવારે રાત્રે અજાણ્યા શખ્સો બાઈકની ચોરી કરી ભાગી ગયા હતા. સંજયકુમાર ચૌહાણે ઘર આગળ પાક કરેલી બાઈક ન જોતા તેમણે ગુરૂવારે પોલીસને જાણ કરી હતી. આ બનાવ અંગે બાઈક માલિકની ફરિયાદ આધારે ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રૂપાલ-ઝાંઝરી માતાજી મંદિરનો ૧૩મો પાટોત્સવ ઉત્સાહભેર ઉજવાયો

હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે આવેલ ઐતિહાસિક ઝાંઝરી માતાજીના મંદિરના ૧ ૩મા પાટોત્સવ નિમિત્તે ગુરૂવારે ગોવિંદભાઈ પટેલના મુખ્ય યજમાન પદે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હરેન્દ્રપ્રસાદ ભટ્ટ પરિવારના હસ્તે વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવાયો હતો. મંદિરના માઈભક્ત નવિનભાઈ શાહ, કાન્તિભાઈ પટેલ, રાજુભાઈ દિવાણી, ઈશ્વરભાઈ પટેલ વગેરેના માર્ગદર્શન હેઠળ નવચંડી યજ્ઞ, ધજારોહણ, અન્નકૂટ સહિત ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

હિંમતનગરમાં મહિલાને ધમકી આપતા એક વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગરના હરિસિદ્ધ માતાના મંદિર સામે રહેતા ભારતીબેન ગોપાલભાઈ ખત્રીને મિતેષભાઈ જનકરાય શાસ્ત્રીએ આઠ માસ અગાઉ જાતિય સબંધ બાંધવાના ઈરાદાથી બોલાચાલી કરી જાનથી મારી નાખવાની મોબાઈલ પર ધમકી આપતા હતા. જેથી કંટાળીને ભારતીબેને મિતેષભાઈ શાસ્ત્રી વિરૂદ્ધ બુધવારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

લાલપુરની સીમમાં અજાણ્યા વાહને ટક્કર મારતા એકનું મોત

ઈડર તાલુકાના લાલપુર ગામની સીમમાંથી મંગળવારે જઈ રહેલા લાડુભાઈ લક્ષ્મણભાઈ કાથોડીના સાઢુભાઈ સનિલભાઈ ભુરાજી કાથોડીને અજાણ્યા વાહને ટક્કર મારતા તેમને ગંભીર ઈજા થઈ હતી. જેથી સારવાર માટે ઈડર અને હિંમતનગર સિવિલમાં દાખલ કરાયા હતા. જ્યાં સનિલભાઈ ભુરાજી કાથોડીનું મોત નિપજ્યું હતું. જે અંગે લાડુભાઈ કાથોડીએ બુધવારે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઈડરના પ્રોવિઝન પાર્લરમાંથી ૪૦ હજારની મત્તા ચોરાઈ

ઈડરની પ્રાથમિક શાળા નં. ૨ સામે આવેલ નિલેષભાઈ વાડીલાલ ઠક્કરના સોમેશ્વર પ્રોવિજન પાર્લરમાંથી મંગળવારે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી રૂ. ૮ હજારની રીચાર્જ કૂપનો તથા રૂ. ૩૨ હજાર રોકડ મશી રૂ. ૪૦ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે નિલેષભાઈ ઠક્કરે બુધવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

કાંકરેજના જોખલ ગામે યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો

કાંકરેજના જોખલ ગામે ખેતી કરતા રૂવલ નામના યુવકનો થોડા સમય અગાઉ ખેતરમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. આ યુવકના શંકાસ્પદ મોતને જોતા પોલીસે પેનલ પીએમ કરાવી થરા પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસે આ હત્યા અંગે જોખલ ગામની યુવતીની પુછપરછ કરતા યુવતીને વારંવાર મૃતક હેરાન કરતો હતો. આથી એકાંતનો લાભ લઈ તેની હત્યા કરી નાખી હોવાની કબુલાત યુવતીએ કરી હતી.

હિંમતનગર પાલિકાની ૨૧ સમિતિઓના ચેરમેનની વરણી

કારોબારી સમિતિના ચેરમેન તરીકે વિમલકુમાર ઉપાધ્યાયની વરણી : વિપક્ષ અને સત્તાધારી પક્ષ પ્રજાના કામો કરવા તત્પર રહે : પ્રમુખ નીલાબેન પટેલ

હિંતનગર, તા. ૧૮

હિંમતનગર નગરપાલિકાના પ્રમુખના અધ્યક્ષસ્થાને ગુરૂવારે મળેલી સામાન્ય સભામાં કારોબારી સમિતિ સહિત વિવિધ ૨૧ સમિતિઓના ચેરમેન તથા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. વિપક્ષ અને સત્તાધારી પક્ષના ચૂંટાયેલા સદસ્યો પ્રજાના કામો કરવા તત્પરતા દાખવે તેવી પ્રમુખે અપીલ કરી હતી. આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ નીલાબેન પટેલના અધ્યક્ષ સ્થાને ગુરૂવારે મળેલી સામાન્ય સભામાં કારોબારી સહિત વિવિધ ૨૧ સમિતિઓની રચનાની જાહેરાત કરવામાં આવી હતી. સામાન્ય સભાની શરૂઆતમાં નગરપાલિકાના પ્રમુખ દ્વારા ચૂંટાયેલા શાસક અને વિપક્ષના સભ્યોને આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી. વિપક્ષ અને સત્તાધારી પક્ષ પ્રજાના કામો કરવા તત્પર રહે તેવી અપીલ કરી હતી. સામાન્ય સભામાં નગરપાલિકાના ચીફ ઓફીસર પ્રણવ પારેખ દ્વારા વિવિધ સમિતિઓના પ્રમુખ અને સભ્યોના નામોની જાહેરાત કરાતા ચૂંટાયેલા સદસ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવી લઈ અને એકબીજાને શુભેચ્છાઓ પાઠવી તી. નવનિયુક્ત ચૂંટાયેલા નગર સેવકોને પણ વિવિધ સમિતિઓના સભ્ય તથા પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. જેના પગલે નગર સેવકોમાં પણ ખુશી જોવા મળી હતી.

નગરપાલિકાના ઉપપ્રમુખ અનિરૂદ્ધભાઈ પટેલે ઉપસ્થિત સદસ્યોને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે પ્રજાએ મત આપીને જ્યારે ચૂંટી કાઢ્યા છે ત્યારે શહેરના દરેક વોર્ડનો વિકાસ થાય તથા પ્રજાકીય પ્રશ્નો જેવા કે ગટર, પાણી, સ્વચ્છતાનું ઝડપથી નિરાકરણ થાય તેવા પ્રયાસો કરવા જણાવ્યું હતું. સત્તાધારી પક્ષ અને વિપક્ષ હળીમળીને કામ કરશે તેવી આશા વ્યક્ત કરી હતી. નગરપાલિકાના દંડક તરીકે રાકેશભાઈ પટેલની નિમણુંક કરાતા વિરોધ પક્ષના નેતા ઈશાક શેખ દ્વારા તેમને ખુરશી તરફ લઈ જઈને અભિનંદન પાઠવ્યા હતા.

સામાન્ય સભામાં કોંગ્રેસના જગદીશભાઈ જયસ્વાલ, ઈશ્વરભાઈ દેસાઈ સહિતના સભ્યોએ વિવિધ રજુઆત કરી હતી. સામાન્ય સભામાં નગરપાલિકાના ચીફ ઓફીસર દ્વારા ગત મિટીંગના કામોની ચર્ચા કરી હતી.

નારાજ કોર્પોરેટર સામાન્ય સભામાં ગેરહાજર

હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ પદ તરીકે નિમણુંક નહિ થવાથી નારાજ થયેલા કોર્પોરેટર કલ્પનાબેન પટેલે શહેર પ્રમુખને રાજીનામુ આપી દીધુ છે ત્યારે ગુરૂવારે મળેલી સામાન્ય સભામાં પણ તેઓ ગેરહાજર રહ્યા હતા. જેના કારણે આગામી દિવસોમાં તેમનું રાજીનામુ સ્વીકારશે કે કેમ તે અંગેની ચર્ચાઓ જોવા મળી હતી.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના કંજરીકંપા ગામની સીમમાંથી પસાર થતા રેલવે ટ્રેક પરના ફાટક પાસેથી ગુરુવારે સાંજે નડિયાદથી મોડાસા આવતી ટ્રેનને ટેમ્પોના ચાલકે પુર ઝડપે હંકારી અથડાવી દેતા ટેમ્પામાં સવાર ત્રણ લોકોના શરીરે ઈજાઓ પહોંચતા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ટ્રેન કર્મચારીએ ધનસુરા પોલિસ મથકમાં ટેમ્પો ચાલક સામે અકસ્માતની ફરિયાદ નોંધાવતા ધનસુરા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બિમાર પિતાને દવાખાને લઈ જતા પુત્રને મોત ભરખી ગયું

ડુંગરીપુરા પાટીયા પાસે કાર ડમ્પર પાછળ ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો જેમાં બેના મોત નિપજ્યા હતા

પાટણ, તા. ૧૮

પાટણ-ધારપુર માર્ગ પર ડુંગરીપુરા પાટીયા પાસે માર્ગની પાસે પાર્ક કરેલા ડમ્પરની પાછળ કાર ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર સવાર બે મુસાફરોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પાટણ-ધારપુર માર્ગ પર આજે સવારે ૧૧ કલાકે ડુંગરીપુરા પાટીયા પાસે ડમ્પર નં. જીજે-૨૪-વી-૯૦૪૮નો ચાલક ડમ્પર માર્ગની પાસે ઉભુ કરીને હોટલમાં ગયો હતો. આ દરમિયાન પાટણ તરફથી જ ધારપુર માર્ગ પર કાર નં. જીજે. ૨૪-એ-૯૦૦૮ના ચાલકે ઉભેલા ડમ્પરની પાછળ કાર ઘુસાવી દેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં કારના આગળના ભાગના ભુક્કા બોલી ગયા હતા. આ અકસ્માતમાં બે મુસાફરોના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે એક વ્યક્તિને શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

કારમાં સવાર ભરતભાઈ ત્રિકમભાઈ પટેલ પાટણ યુનિવર્સિટીમાં સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હતા અને કારમાં પોતાના પિતા ત્રિકમભાઈને દવાખાને ધારપુર લઈ જતા આ દરમિયાન અકસ્માત સર્જાયો હતો. જેમાં ભરતભાઈ પટેલ અને શાંકાભાઈ પટેલના મોત નિપજ્યા હતા.

શામળાજીની રેફરલ હોસ્પિટલમાં ૧૯ દર્દીઓની નિ:શુલ્ક પ્લાસ્ટીક સર્જરી કરાઈ

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે આવેલી ઓલ ઈન્ડિયા મુવમેન્ટ ફોર સેવા સંચાલિત રેફરલ હોસ્પિટલ ખાતે તાજેતરમાં નિઃશુલ્ક પ્લાસ્ટિક સર્જરી કેમ્પનુંઆયોજન કરાયું હતું. જેમાં બે દિવસ દરમિયાન ૧૯ દર્દીઓના ઓપરેશન કરાયા હતા. ૧૯ દર્દીઓને પ્લાસ્ટીક સર્જરી કરતા દર્દીઓ અને તેમના પરિવારજનોના ચહેરા પર અનેરી ખુશી જોવા મળી હતી.

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે આવેલી ઓલ ઈન્ડિયા મુવમેન્ટ ફોર સેવા સંચાલિત રેફરલ હોસ્પિટલમાં તાજેતરમાં અરવલ્લી જિલ્લા અને આજુબાજુના વિસ્તારમાંથી ચિરાયેલા હોઠ, ફાટેલા તાળવા, દાઝવાથી ખેંચાયેલી ચામડી જેવા દર્દીઓ માટે નિઃશુલ્ક બે દિવસીય પ્લાસ્ટીક સર્જરી કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં

અમદાવાદ સિવિલ હોસ્પિટલના પ્લાસ્ટીક સર્જરી કેમ્પ યોજાયો હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલના પ્લાસ્ટીક સર્જરી વિભાગના ડૉ. શેખ, ડૉ. માનવ સૂરી તેમજ બાળકોના નિષ્ણાંત ડૉ. સાચી પટેલ તથા એનેસ્થેટીક ડૉ. અતુલ ગાંધીએ ઉપસ્થિત રહી ૧૯ પ્લાસ્ટીક સર્જરીના ઓપરેશનો કર્યા હતા શામળાજી હોસ્પિટલના તબીબ ડૉ. હરેશભાઈ જોશીએ જણાવ્યું હતું કે શામળાજી હોસ્પિટલ દ્વારા સને ૨૦૦૩ થી ૨૦૧૫ના સમયગાળા દરમિયાન કુલ ૧૬ કેમ્પ હેઠળ ૨૮૨ દર્દીઓની પ્લાસ્ટિક સર્જરીના ઓપરેશનો કર્યા છે. સામાન્યતઃ આ સર્જરી ખાનગી હોસ્પિટલમાં કરાય તો રૂ. ૬૦,૦૦૦થી વધુનો ખર્ચ થાય છે. શામળાજીની ઓલ ઈન્ડિયા મુવમેન્ટ ફોર સેવા સંચાલિત રેફરલ હોસ્પિટલ દ્વારા પ્લાસ્ટીક સર્જરીના ઓપરેશનનો મહત્તમ લાભ આ વિસ્તારના ગરીબ અને જરૂરીયાત-મંદવાળા દર્દીઓને મળી રહેતા જન્મજાત ખોડખાંપણ અને દાઝવાથી કદરૂપા બનેલ ચહેરાની અને વિવિધ અંગોની પ્લાસ્ટીક સર્જરી વિના મુલ્યે કરી આપતા દર્દીઓના ચહેરા અને પરિવારજનો ખુશીથી ભાવવિભોર બની હોસ્પિટલ દ્વારા કરાતી સારવારની ભગવાનનો આશીર્વાદ ગણી સરાહના કરી રહ્યા છે.

બનાસડેરીમાં ડિરેક્ટર પદે સહકારી અગ્રણી અણદાભાઈ પટેલનો વિજય

શિહોરી, તા. ૧૮

બનાસડેરીની પ્રતિષ્ઠાભરી ચૂંટણીનું પરિણામ જાહેર થતા મતદારોએ વર્ષોથી એક હથ્થુ શાસન ચલાવતા પરથીભાઈ ભટોળના શાસનને નેસ્ત નાબુદ કરી આપણી પેનલને ભવ્ય વિજય આપી પરિવર્તનની દિશા અપનાવી છે. આ ચૂંટણીમાં થરા એ.પી.એમ.સી.ના ચેરમેન અણદાભાઈ પટેલે પણ ડિરેક્ટર તરીકે શાનદાર જીત હાંસલ કરી હતી.

તાજેતરમાં જાહેર થયેલા બનાસડેરીની ચૂંટણીના પરિણામો જાહેર થતા આપણી પેનલના એક પછી એક ઉમેદવારો વિજેતા ઘોષિત થતા બનાસડેરીમાં પરિવર્તનનો પવન ફૂંકાયો હતો. આથી આપણી પેનલના સમર્થકોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે.

બનાસડેરીમાં આ વખતે પરિવર્તનનો પવન ફૂંકાતા પાલનપુરમાં વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લાના સહકારી અગ્રણી અને થરા માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલે સૌ મતદારો અને સ્નેહીજનોનો આભાર વ્યક્ત કર્યો હતો. બનાસડેરીના વહીવટમાં સહકારી અગ્રણી અણદાભાઈ પટેલનો સહકારી ક્ષેત્રનો બહોળો અનુભવ બનાસડેરીને વધુ ઊંચાઈએ લઈ જવા ફાયદારૂપ નિવડશે.